# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અખબારી યાદીથી જણાવે છે કે, રાજય સરકારશ્રીએ તા.૦૨/૦૬/૨૦૨૧ ના રોજ ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધેલ હતો. સરકારશ્રીએ ધોરણ-૧૨ ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા અંગેની નીતિ ઘડવા માટે શિક્ષણવિદોની સમિતિની રચના કરેલ હતી.

આજરોજ CBSE દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટેની નીતિ રજૂ કરેલ છે. જેમાં ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ ના પરીક્ષાના પરિણામોને ધ્યાને લેવામાં આવેલ છે.

CBSE દ્વારા ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટેની નીતિ અને રાજયની સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ શિક્ષણવિદોની સમિતિ દ્વારા કરાયેલ ભલામણોનો રાજય સરકારશ્રીએ સ્વીકાર કરેલ છે. ગુણાંકનની નીતિના મુખ્ય માપદંડો નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિગત | ગુણભાર |
|---|---|---|
| A | ધોરણ-૧૦ ના બોર્ડના વિષયવાર પરિણામના (વિષયવાર મેળવેલ ૭૦ ગુણ) આધારે ધોરણ-૧૨ ના જૂથ મુજબના વિષયમાં ગુણાંકન. (૭૧.૪૩%) | ૫૦ ગુણ |
| B | ધોરણ-૧૧ ના નિયમિત અભ્યાસ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૧ ની પ્રથમ સામાયિક કસોટી (૫૦ ગુણ) અને દ્વિતીય સામાયિક કસોટી (૫૦ ગુણ) માંથી મેળવેલ કુલ ગુણના સરેરાશ ગુણના આધારે ગુણાંકન (૫૦%) | ૨૫ ગુણ |
| C | શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૨ ની પ્રથમ સામાયિક કસોટી (૧૦૦ ગુણ) અને વર્ષ દરમિયાન યોજાયેલ વિષયવાર એકમ કસોટી (૨૫ ગુણ) એમ કુલ ૧૨૫ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે ગુણાંકન (૨૦%) | ૨૫ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- ૧૭/૦૬/૨૦૨૧

# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર</u>

## <u>ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષા-૨૦૨૧ માં નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ અંગેની નીતિના અંશો</u>

- CBSE બોર્ડ દ્વારા ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટેની નીતિ આજ રોજ નામદાર સુપ્રિમકોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના ધોરણોના ગુણાંકન ધ્યાને લેવામાં આવેલ છે.

    1. ધોરણ-૧૦ ના પરિણામના આધારે મૂલ્યાંકન.
    2. ધોરણ-૧૧ દરમિયાન વિદ્યાર્થીની કસોટીઓના પરિણામના આધારે મૂલ્યાંકન.
    3. ધોરણ-૧૨ દરમિયાન વિદ્યાર્થીની કસોટીઓના પરિણામના આધારે મૂલ્યાંકન

- રાજય સરકારશ્રી દ્વારા ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટેની નીતિ નક્કી કરવા ૧૧ શિક્ષણવિદોની સમિતિની રચના કરેલ હતી અને સમિતિએ ભલામણો કરેલ છે.

- રાજયની સ્થાનિક પરિસ્થિતિ અને લેવાયેલ કસોટીઓને ધ્યાને લઈને શિક્ષણવિદોની સમિતિએ કરેલ ભલામણના આધારે ધોરણ-૧૨ ના નિયમિત વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવશે.

[A] ધોરણ-૧૦ ના બોર્ડના વિષયવાર પરિણામના આધારે ધોરણ-૧૨ ના જૂથ મુજબના વિષયમાં <u>૫૦ ગુણનું મૂલ્યાંકન.</u>

- ધોરણ-૧૦ ના બોર્ડના વિષયવાર પરિણામના (વિષયવાર મેળવેલ ૭૦ ગુણ) આધારે ધોરણ-૧૨ ના જૂથ મુજબના વિષયમાં ગુણાંકન કરવામાં આવશે.

[B] ધોરણ-૧૧ ના નિયમિત અભ્યાસ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૧ ની પ્રથમ સામાયિક કસોટી (૫૦ ગુણ) અને દ્વિતીય સામાયિક કસોટી (૫૦ ગુણ) માંથી મેળવેલ કુલ ગુણના સરેરાશ ગુણના આધારે <u>૨૫ ગુણનું મૂલ્યાંકન.</u>

[C] શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૨ ની પ્રથમ સામાયિક કસોટી (૧૦૦ ગુણ) અને વર્ષ દરમિયાન યોજાયેલ વિષયવાર એકમ કસોટી (૨૫ ગુણ) એમ કુલ ૧૨૫ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે <u>૨૫ ગુણનું મૂલ્યાંકન.</u>

## ગ્રેડીંગ પધ્ધતિ :-

| ગ્રેડ વર્ગીકરણ | | |
|---|---|---|
| ક્રમ | મેળવેલ ગુણ | ગ્રેડ |
| ૧ | ૯૧ થી ૧૦૦ | A1 |
| ૨ | ૮૧ થી ૯૦ | A2 |
| ૩ | ૭૧ થી ૮૦ | B1 |
| ૪ | ૬૧ થી ૭૦ | B2 |
| ૫ | ૫૧ થી ૬૦ | C1 |
| ૬ | ૪૧ થી ૫૦ | C2 |
| ૭ | ૩૩ થી ૪૦ | D |

- શાળાઓએ વિષયવાર વિદ્યાર્થીઓના ગુણ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.
- ધોરણ-૧૨ ના નિયમિત વિદ્યાર્થીઓને દર વર્ષની જેમ જ ગુણપત્રક અને પ્રમાણપત્ર બોર્ડ દ્વારા આપવામાં આવશે.

## પ્રક્રિયાનું સમયપત્રક :-

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧ | બોર્ડ દ્વારા જાહેર કરેલ પધ્ધતિ મુજબ વિદ્યાર્થીઓના પરિણામનું શાળાઓ દ્વારા આખરીકરણ | તા.૧૯/૦૬/૨૦૨૧ થી ૨૫/૦૬/૨૦૨૧ સુધી |
| ૨ | શાળાઓ દ્વારા તૈયાર કરેલ પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની કાર્યવાહી | તા.૨૫/૦૬/૨૦૨૧ થી તા.૦૧/૦૭/૨૦૨૧ સુધી |
| 3 | બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ઓનલાઈન પરિણામની જાહેરાત | • ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ જુલાઈના બીજા અઠવાડિયામાં<br>• ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ જુલાઈના ત્રીજા અઠવાડિયામાં |
| ૪ | બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ગુણપત્રક / પ્રમાણપત્રનું વિતરણ | જુલાઈના અંતિમ અઠવાડિયામાં |

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- ૧૭/૦૬/૨૦૨૧